# સંયુક્ત ખેડૂત સંઘર્ષ સમિતિ

**C/o** *ખેત ભવન, ગાંધી આશ્રમ પાસે, અમદાવાદ - ૩૮૦૦૨૭*

**તા. ૩૦-૧૨-૨૦૧૪**

**<u>પ્રેસનોટ</u>**

**પ્રતિ,**
*તંત્રીશ્રી/બ્યુરો ચીફશ્રી,*

....................

## ખેડૂતોની લાશો પર વાઈબ્રન્ટના તમાશા બંધ કરો/ થવા નહીં દઈએ.
## અમારે લાખોનાં મૂડીરોકાણ નહીં, અમારા ઉત્પાદનોના વાજબી ભાવ જોઈએ.

**અમદાવાદ, તા. ૩૦-૧૨-૨૦૧૪**

*કપાસ અને મગફળી પકવતો ગુજરાતનો ખેડૂત ખાતર-દવા, મજૂરી, ખેડના ઊંચા ભાવ અને નીચા બજારભાવને કારણે હતાશ થઈ આપઘાતનો રસ્તો લઈ રહ્યો છે ત્યારે ગુજરાત સરકાર વાઈબ્રન્ટમાં કરોડોનો ખર્ચ કરવા જઈ રહી છે. મોટા ઉદ્યોગો માટે લાલ જાજમો બિછાવવા છતાં ગુજરાતમાં ૪૮૦૦૦ જેટલા નાના ઉદ્યોગો બંધ થયાના આંકડા છે. ચોટીલા પાસેના* **ધારૈઈ** *અને* **પાટડી** *પાસેના ફતેપુર ગામના યુવાન ખેડૂતોએ કપાસના ઓછા ભાવને કારણે આપઘાત કર્યાના દાખલા તાજા જ છે. એમનાં દુઃખી પરિવારોને મદદ કરવા માટે ગુજરાત સરકાર પાસે ન પૈસા છે કે ન તો આશ્વાસનના બે શબ્દો. ઊલટા, મહારાષ્ટ્રના એક સંસદસભ્યએ ગઈકાલે એવું કહ્યું કે ‘‘ખેડૂતો મરતા હોય તો ભલે મરે.’’ સવાલ એક સંસદસભ્યો નથી, રાજકીય પ્રતિનિધિઓની માનસિકતાનો છે. હવેની બદલાયેલી પરિસ્થિતિમાં, રાજ્યકર્તાઓને ઔદ્યોગિક વર્ગ ફાયદામંદ દેખાય છે, એમાં એમને અનેક તકો દેખાય છે જ્યારે આજે પણ દેશનો ૭૦ ટકા કરતાં વધારે વર્ગ જેમાંથી રોજગારી મેળવે છે અને દેશની અન્ન જરૂરિયાત સંતોષે છે એવા ખેત ઉદ્યોગમાં સરકારને રસ નથી. કેન્દ્ર સરકારે નક્કી કરેલા ટેકાના ભાવો ઉપરાંત અન્ય રાજ્યોની સરકારો પોતાના ખેડૂતોને પ્રોત્સાહિત કરવા માટે બોનસ તરીકે વધારાની રકમ જાહેર કરીને આપે છે ત્યારે ગુજરાત સરકાર છેલ્લા બે મહિનાથી વાજબી ભાવ માટે આંદોલન કરી રહેલા ખેડૂતોની વાજબી માગણી સ્વીકારવાને બદલે પેકેજને નામે છેતરી રહી છે. એક તરફ ખેડૂતોને આપવા માટે સરકાર પાસે પૈસા નથી પરંતુ વાઈબ્રન્ટ ઉત્સવો તથા નેતાઓના તમાશાઓ પાછળ ખર્ચવા માટે કરોડો રૂપિયાનાં બજેટ છે. વિદેશી મહેમાનો અને ઉદ્યોગપતિઓની આગતા-સ્વાગતા માટે નાણાંની રેલમછેલ છે તો અમારા હકની રકમ આપવા માટે કેમ નહીં ? અમે, ગુજરાતનાં સૌ ખેડૂત સંગઠનો સરકારને કહીએ છીએ કે -*

૧: *ગુજરાતના ખેડૂતોને ટેકાના ભાવ, કપાસના મણના રૂપિયા ૧૨૦૦/- અને મગફળીના મણના રૂપિયા ૧૦૦૦/- તાત્કાલિક જાહેર કરો. જે ખેડૂતોએ પોતાની ઉપજ વેચી દીધી છે એમને પ્રતિ મણ રૂપિયા ૨૦૦/- બોનસ આપો.*

૨: *હવેથી આગળ હંમેશને માટે કોઈપણ બજારમાં હરાજીની શરૂઆત ટેકાના ભાવથી ઉપરથી શરૂ થાય એવી કાયદાકીય જોગવાઈ કરો.*

૩: *ખેડૂતોને વીજ કનેક્શનોનો ક્વોટા વધારો અને દિવસ દરમ્યાન ૧૨ કલાક નિયમિત વીજળી આપો. હોર્સપાવરની મર્યાદામાં રહીને ખેડૂતને જ્યાં પાણી હોય ત્યાં મોટર વાપરવાની છૂટ આપો.*

૪: પાક વીમાની રકમ દર વરસે ૩૧ ઑક્ટોબર સુધીમાં ચૂકવી દેવામાં આવે.

૫: જે વિસ્તારોમાં ઓછો વરસાદ હોય ત્યાં ૩૦ ઓગસ્ટ સુધીમાં અછત જાહેર કરી દેવામાં આવે અને એવા વિસ્તારોને અછતના તમામ લાભો આપવામાં આવે.

૬: નર્મદાનાં પાણી આપવા માટેનું ટાઈમ ટેબલ આપો.

૭: સર એક્ટ-૨૦૦૯'' જેવા ખેડૂત વિરોધી કાયદો રદ કરો.

૮: ''ઈરીગેશન એક્ટ-૨૦૧૩'' જેવો ખેડૂત વિરોધી કાયદો રદ કરો.

૯: નર્મદાના 'કમાન્ડ' વિસ્તારને 'ડી-કમાન્ડ' નહીં કરો એવી લેખિત ખાતરી આપો.

૧૦: વરસોથી પડતર ૩૦૦૦૦૦ જેટલાં વીજ કનેક્શનો તાત્કાલિક આપવાનું સમયપત્રક આપો.

૧૧: ગુજરાત સરકારની કૃષિ-નીતિ જાહેર કરો.

૧૨: અમને સરકારની નીતિઓને કારણે થતા નુકશાન માટેની વળતરની કાયમી નીતિ જાહેર કરો.

૧૩: બિયારણ-ખાતર-જંતુનાશક દવાઓ ઉપર ભાવ નિયંત્રણ લાદવામાં આવે અને સમયસર, નિયમિત પૂરવઠો મળે તેવી વ્યવસ્થા કરવામાં આવે.

૧૪: નવા પ્રમોલગેશનમાં જે ખેડૂતોની જમીન ખૂટતી હોય એમને એમના ૭/૧૨ પ્રમાણે માલિકીના ધોરણે જ ફાળવવામાં આવે અને જે ખેડૂતો પાસે વધતી હોય તેમને પ્રિમિયમ લઈને રેગ્યુલરાઈઝ કરી આપવામાં આવે.

૧૫: ખેડૂતોને ખેત-ઉત્પાદન ઉપર નીચા વ્યાજે ૭૫ ટકા સુધીનું ધીરાણ આપવામાં આવે.

જો, અમારા ઉપરોક્ત સવાલોના જવાબ ગુજરાત સરકાર **તા. ૭-૧-૧૫** સુધીમાં લેખિત રીતે નહીં આપે, અમારી માગણીઓ નહીં સંતોષે તો અમે, ગુજરાતના સૌ ખેડૂત સંગઠનોના આગેવાનો સાથે મળીને અમારો ભાવિ કાર્યક્રમ જાહેર કરીશું.

અમે, **સંકલ્પબદ્ધ છીએ કે, અમારા ખેડૂત ભાઈઓની લાશો પર સરકારને વાઈબ્રન્ટના તાયફા નહીં જ કરવા દઈએ, અમે ખેડૂતો હજારોની સંખ્યામાં કૂચ કરીને મહાત્મા મંદિર જઈ વાયબ્રન્ટ રોકીશું.**

**ખેડૂતોના હિતમાં કામ કરતા તમામ રાજકીય પક્ષો, સંસ્થાઓ અને નાગરિકોને અમારી આ કૂચમાં જોડાવા માટે આવાહ્ન કરીએ છીએ.**

**સૌરાષ્ટ્ર ખેડૂત લડત સમિતિ** **ખેડૂત સમાજ (ગુજરાત)**

**અખિલ ભારતીય કિસાન સભા**

**જામનગર જિલ્લા ખેડૂત હિતરક્ષક સમિતિ**
**જુનાગઢ જિલ્લા ખેડૂત હિતરક્ષક સમિતિ**
**અમરેલી જિલ્લા ખેડૂત હિતરક્ષક સમિતિ**
**મોરબી જિલ્લા ખેડૂત હિતરક્ષક સમિતિ**
**દેવભૂમિ જિલ્લા ખેડૂત હિતરક્ષક સમિતિ**
**બોટાદ જિલ્લા ખેડૂત હિતરક્ષક સમિતિ**
**ભાવનગર જિલ્લા ખેડૂત હિતરક્ષક સમિતિ**
**સુરેન્દ્રનગર જિલ્લા ખેડૂત હિતરક્ષક સમિતિ**